જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

**તા.૦૮/૧૧/૨૦૨૩ બુધવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી અને જુગારધારા હેઠળ ઝડપાયા:- સમાચાર યાદી નં.૧૮૩૦/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૨ કેસ કરી, ૨૯ વ્યક્તિઓને ઝડપી, ૧૦૩ લીટર દેશી દારૂ, ૨૯૬ બોટલ ઇંગ્લીશ દારૂ, ૭૨૫ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ અને ૧૬૬ બિયર ટીન કબજે કર્યા હતા. તેમજ જુગારધારા હેઠળ ૦૧ કેસ કરી, ૦૪ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩,૭૬૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયા:- સમાચાર યાદી નં.૧૮૩૧/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૯૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૨ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## વિશ્વાસઘાત અને છેતરપીંડી:- સમાચાર યાદી નં.૧૮૩૨/૨૦૨૩

**નારણપુરા:** મનોજભાઈ જયંતીપ્રકાશ ગોએન્કા(મારવાડી)(ઉ.વ.૪૬)(રહે.અવની કોમ્પલેક્ષ, નારણપુરા ગામ બસ સ્ટેન્ડ પાસે, નારણપુરા ગામ) એ તા.૦૭/૧૧/૨૦૨૩ ના રોજ નારણપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે જુન/૨૦૧૮ થી ડીસેમ્બર/૨૦૧૮ સુધીના સમયગાળા દરમ્યાન આરોપી (૧) કૈલાશભાઈ પ્રેમચંદભાઈ બડગુજર અને (૨)સુનિતાબેન કૈલાશભાઈ બડગુર્જર (બંને ગણેશ પ્લાયવુડ સેન્ટરના માલીક) (બંન્ને રહે.બંગલા નંબર-૧૧ પ્રેસ્ટીઝ બંગ્લોઝ, યશ બંગ્લોઝની બાજુમાં કેડીલાબ્રીજની બાજુમાં ઘોડાસર) એ ભેગામળી નારણપુરા ગામ બસ સ્ટેન્ડ પાસે, અવની કોમ્પલેક્ષમાં આવેલ મનોજભાઇ ની "યુવા ટેક્ષ પેકેજીંગ" નામ ની ઓફિસ ખાતે મનોજભાઇ પાસેથી જથ્થાબંધ પ્લાઇવુડ અને લાકડાનો માલસામાન ખરીદવાની વાત કરી, શરૂઆતમાં ખરીદેલ માલનુ પેમેન્ટ સમયસર ચુકવી દઇ મનોજભાઇને વિશ્વાસમા લઈ તેમની પેઢીમાંથી મોટા જથ્થામાં માલની ઉધારીમાં ખરીદ કરેલ જે માલના ચુકવવાના બાકી કુલ રૂપિયા ૨,૩૦,૨૯,૦૪૪/- આજદિન સુધી નહીં ચુકવી મનોજભાઇ ગોએન્કા સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી બી.એલ.વડુકર ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૧૮૩૩/૨૦૨૩**

**નરોડાઃ** અંકિતભાઇ ગીરીશભાઇ પટેલ (ઉ.વ.૩૫)(રહે.પરીતા પાર્ક વિભાગ-૨ માછલી સર્કલ પાસે નરોડા) એ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૭/૧૧/૨૦૨૩ ના કલાક ૧/૦૦ થી સવારના ૬/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી લાકડાની તિજોરીમાંથી સોનાના દાગીના કિંમત રૂપિયા ૫૦,૦૦૦/-,રીયલ ડાયમંડની વિંટી કિંમત રૂપિયા ૩૦,૦૦૦/- તથા રોકડ રૂપિયા ૫,૦૦૦/- મળી કુલ રૂપિયા ૮૫,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એલ.ટી.ડામોર ચલાવે છે.

**વાહન અકસ્માતમાં મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૮૩૪/૨૦૨૩**

**"એમ" ટ્રાફીક પોલીસ સ્ટેશનઃ** ઇન્દુબહેન વા/ઓ બાબુભાઇ મારૂડા (ઉ.વ.૬૩)(રહે.શિવશક્તિનગર દેવાસ ફ્લેટ પાસે, ગુપ્તાનગર, વાસણા) તા.૦૬/૧૧/૨૦૨૩ સાંજના ૬/૪૫ વાગ્યાના સુમારે એ.પી.એમ.સી. ત્રણ રસ્તા થી જીવરાજ ચાર રસ્તા તરફ જતા એ.પી.એમ.સી. મેટ્રો સ્ટેશન પાસે ચાલતા રોડ ક્રોસ કરતા હતા ત્યારે અજાણ્યા વાહન ચાલકે પુરઝડપે અને બેદરકારીથી વાહન ચલાવી લાવી ઇન્દુબહેન ને ટક્કર મારતા, શરીરે ગંભીર ઇજાઓ થતા સારવાર અર્થે તેમને સિવીલ હોસ્પીટલ ખાતે દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૦૬/૧૧/૨૦૨૩ રાતના ૧૧/૧૫ વાગે તેમનુ મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગેની ફરીયાદ મૃત્યુ પામનાર ઇન્દુબહેન મારૂડાની પુત્રી મુન્નીબહેન ગોહેલ એ "એમ" ટ્રાફીક પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એચ.જી.કટારીયા ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૮૩૫/૨૦૨૩**

**સોલા હાઇકોર્ટઃ** (૧) ધર્મેશભાઇ ખેમચંદભાઇ નાઇ (ઉ.વ.૨૯)(રહે.ચાણક્યપુરી એપાર્ટમેન્ટ, દીવા હાઇટ્સ સામે, ગોતા) એ અગમ્ય કારણસર તા.૦૭/૧૧/૨૦૨૩ સવારના ૭/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે સોલા હાઇકોર્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી કાજલબેન ગોરધનભાઇ ચલાવે છે.

**સોલા હાઇકોર્ટઃ** (૨)હંસરાજ પુરણલાલ ચૌહાણ (ઉ.વ.૨૭)(રહે.સેકટર-૦૩, ચાણક્યપુરી, ઘાટલોડીયા મુળ વતનઃ ગામ-બાજોલી, તહસીલ-મકરાણા, થાના-પીલવા, જી-નાગૌર રાજસ્થાન) એ અગમ્ય કારણસર તા.૦૭/૧૧/૨૦૨૩ સવારના ૧૧/૦૦ વાગ્યા પહેલા રહેણાંક મકાનમાં છતના હુક સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે સોલા હાઇકોર્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી વિનુભા જેઠૂભા ચલાવે છે.

**રામોલઃ** વર્ષાબહેન વા/ઓ કૌશિકભાઇ વાઘેલા (ઉ.વ.૨૫)(રહે,નીલકંઠ સોસાયટી કેનાલ પાસે સી.ટી.એમ. રામોલ) એ અગમ્ય કારણસર તા.૦૭/૧૧/૨૦૨૩ સાંજના ૬/30 વાગ્યા પહેલા પોતાની સાસરીના મકાનમા પંખા સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.પો.કમિ.શ્રી “આઇ” ડિવિઝન નાઓ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી